# આજથી ગાંધીનગરમાં રાસ-ગરબાની રમઝટ

## મોસમ ફેવરેબલ બનતા ખેલૈયાઓનો ઉત્સાહ બેવડાયો : આસોની અજવાળી રાતના દિવ્ય પ્રકાશ વચ્ચે રોશનીની ઝાકમઝોળ વચ્ચે ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ નવયૌવન સહીત અબાલ-વૃદ્ધ ગરબે ઘુમશે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૪

હે.... મા... શેરી વળાવી સજ્જ કરૂ ને ઘેર આવો ને... આજથી આદ્યશક્તિની ભક્તિ આરાધનાના દિવ્ય પર્વ નવરાતનો પ્રારંભ થાય છે. 'શક્તિ'ની ભક્તિના ઉપાસનાના આ પર્વની ઉજવણીને લઈ નગરમાં ઉત્સાહના માહોલ વચ્ચે અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. સેક્ટરોમાં શેરી-ગરબાના આયોજનને લઈ ગરબા પ્રેમીઓ ઉત્સુક છે. આ ઉપરાંત નગરમાં અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવને અનુલક્ષીને પણ ભવ્ય તૈયારીઓ થઈ ચુકી છે. જ્યારે છેલ્લા ૧૪ દિવસથી વરસાદે પણ ખમૈયા કરતા આયોજકો અને ખેલૈયાઓનો ઉત્સાહ બેવડાયો છે. નવદુર્ગાની ભક્તિના આ પર્વમાં નવયૌવનની સાથે અબાલ-વૃદ્ધ સૌ ગરબે ઘુમવા થનગની રહ્યા છે. જ્યારે માતાજીની પૂજા-અર્ચના અને સ્થાપન માટે પણ ભાવિકો ઉત્સુક બન્યા છે. નવરાતના પ્રારંભથી જ સેક્ટરોની શેરીઓમાં ઢોલની સંગાથ સાથે ગરબાની રંગત જામશે. રોશનીની ઝાકમઝોળ વચ્ચે આસોની અજવાળી રાતનો દિવ્ય પ્રકાશ પથરાશે.

માતાજીની ભક્તિ-આરાધના માટે ઉત્તમ શારદીય નવરાતનો આજથી પ્રારંભ થશે. ભવ્ય અને દિવ્ય નવરાત્રીના આગમનને લઈ નગરજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નવરાતના હેતે ઓવારણા લેવા સેક્ટરે-સેક્ટરે ગરબા મહોત્સવની તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. માતાજીના આગમન પૂર્વે શેરીઓ અને ચાંચર ચોકની સફાઈ કરી રોશનીથી સુશોભિત કરી દેવાયા છે. નગરમાં કલ્ચરલ ફોરમ દ્વારા અલ્ટ્રામોર્ડન ગરબા મહોત્સવનું

● અનુસંધાન પાન-૭ પર

# આદ્યશક્તિના પરિધાન, સાજ સજાવટ અને પૂજાપાની ખરીદી માટે શ્રધ્ધાળુઓનો ધસારો

## ફુલ બજાર પણ ધમધમી ઉઠયું, લાઈટીંગ અને રોશની માટે ઈલેકટ્રીક દુકાનોમાં પણ ભીડ

ગાંધીનગર, તા.૨૪

જગત જનની માં જગદંબાનું મહાપર્વ નવરાત્રીને ધામધૂમપૂર્વક ઉજવવા શ્રધ્ધાળુઓએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. જેમાં બુધવારના રોજ માતાજીના પરિધાન, સાજ સજાવટ અને પૂજાપાની ખરીદી માટે રીતસર શ્રધ્ધાળુઓની કતાર બની ગઈ હતી. તો રોજ તાજા ફુલહાર માટે પણ ફુલબજારમાં


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

**નવરાત્રિ કાઉન્ટ-ડાઉન**

બુકિંગ થઈ ગયા છે. મંદિર પણ રોશનીથી ઝગમગી ઉઠે તે માટે ઈલેકટ્રીક દુકાનોમાં સીરીઝ અને અન્ય સામાન ખરીદવા માટે ભીડ જોવા મળી હતી. માતાજીના આ પ્રસંગને રંગેચંગે ઉજવવા સૌ કોઈ હરખના હીલોળે ચડેલું દેખાઈ રહ્યું છે.

આદ્ય શકિત માં અંબાના ઓવારણા લેવા અને ગરબે ઘુમવા શ્રધ્ધાળુઓ થનગની રહ્યા છે. માના આ પવિત્ર નવ દિવસના તહેવારમાં કચાશ ન રહી જાય તેની પૂર્ણ તકેદારી સાથે તૈયારીઓ પૂર્ણતામાં છે જયારે આ નવ દિવસ દરમિયાન માતાજીના અનુષ્ઠાન, ઉપાસના અને પૂજન


(તસવીર : કશ્યપ નિમાવત)

અર્ચન માટેની તૈયારીઓના ભાગ રૂપે બુધવારના રોજ શ્રધ્ધાળુઓની ભીડ બજારમાં ઉમટી પડી હતી.

નવ દિવસના માતાજીના નવ સ્વરુપોને નવા પરિધાન, સાજ સજાવટ અને પૂજાપા માટે શ્રધ્ધાળુઓ ખરીદી કરી રહ્યા હતા. જગત જનનીને નવ દિવસ નવી જ સાડી, નવા જ અભુષણ સાથે સોળે શણગારમાં સજ્જ રાખી દિવ્યતાની અનુભુતિ કરવા ધાર્મિક લોકોએ અવનવા વસ્ત્રો અને આભુષણ ખરીદ્યા હતા. માતાજીના સ્થાપન, ફોટો કે મૂર્તિ, અગરબત્તી, અત્તર, આસન માટે અદ્યતન સિંહાસન તથા પૂજાપો વગેરેની યાદી બનાવી બજારમાં ઉમટી પડયા છે. જયારે ઘરે અથવા મંદિરે માતાજીના સ્થાપન કે રોશની માટે ઝગમગાટ કરતી લાઈટીંગ વ્યવસ્થા પણ કરી લેવા ઈલેકટ્રોનીક

● અનુસંધાન પાન-૭ પર

# પાણી-ગટર વેરા અન્વયે તંત્રના ચોપડે ૪૭ લાખનું જૂનું માંગણું બાકી

## બાકીદારોને નોટીસ આપી વેરો વસુલવા ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૪

શહેરના જૂના સેકટરોમાં પાણી-ગટરની વસુલાત ક્ષેત્રે જૂના માંગણા પેટે અડધા કરોડની ઉધારી છે. વર્ષોના અંતે પણ વસુલાત પેટે બાકી રકમ વસુલવામાં તંત્રને સફળતા મળી નથી. જૂની વસુલાત સંદર્ભે રૂ ૪૭ લાખનું બાકી માંગણું નીકળે છે. ગત ઝુંબેશ દરમિયાન બાકી વસુલાત પૈકી રૂ. ૭ લાખ વસુલવામાં આવ્યા હતા.

શહેરમાં પાણી-ગટરની વેરા વસુલાત અન્યે દર વર્ષે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે વર્ષો જના બાકી માંગણા અન્વયે પછી તંત્રના ચોપડે મોટી રકમ બાકી બોલે છે. ગત માર્ચ મહીના દરમિયાન પણ પાણી-ગટર વિભાગ દ્વારા વેરા વસુલાતને લઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં સે-૧૪ થી ૩૦ તેમજ બોરીજ, બાસણ, પાલજ અને આદીવાડા સહીતના શહેરી વિસ્તારના ગામોમાંથી વેરાની વસુલાત કરવામાં આવી હતી. અંદાજિત ૧૨ હજાર જેટલા

● અનુસંધાન પાન-૭ પર

# લાયન્સ-લાયોનેસ કલબ દ્વારા ચ-૩ પાસે ભવ્ય ગરબા મહોત્સવ

## અદ્યતન સાઉન્ડ સિસ્ટમ સાથે ખેલૈયાઓ માટે ગરબે ઘુમવા વિશાળ મેદાન

ગાંધીનગર, તા. ૨૪

લાયન્સ-લાયોનેસ કલબ દ્વારા પણ સતત ૧૭મા વર્ષે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ચ-૩ ખાતે ખેલૈયાઓ માટે વિશાળ ગરબા મેદાન તૈયાર કરી દેવાયું છે. અદ્યતન સાઉન્ડ સીસ્ટમ સાથે ૫ હજાર ગરબાપ્રેમીઓ ગરબા નિહાળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

લાયન્સ અને લાયોનેસ કલબ દ્વારા નવરાત્રી મહોત્સવ ૨૦૧૪ ને અનુલક્ષી ભવ્ય ગરબા યોજવામાં આવનાર છે. ગરબા મહોત્સવની ઉજવણી દરમિયાન શિસ્ત અને સભ્યતા જળવાઈ રહે તે માટે પુરતી સિકયુરીટીની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. માતાજીની ભક્તિ આરાધના સાથે ખેલૈયાઓ ગરબાની મજા માળી શકે તે માટે રોજ બરજો શ્રેષ્ઠ ગાયક કલાવૃંદો ગરબાના સૂર રેલાવશે. ૫ હજાર શ્રોતાઓ ગરબા નિહાળી શકે તે મુજબની બેઠક

● અનુસંધાન પાન-૭ પર

# પોલીસ વાહનો પર મોટા અક્ષરે પોલીસ લખેલુ લાઈટબોર્ડ લગાવવા લોક માંગ

## બોર્ડ થકી દુરથી પોલીસના આગમનની જાણ થતાં જ ગુના અટકી શકે છે, પોલીસની ધાક આવશ્યક

ગાંધીનગર, તા. ૨૪

રાજયભરમાં સુપ્રિમ કોર્ટના નિર્દેશાનુસાર નક્કી કરેલા પદાધિકારીઓ અને હોદ્દેદારો સિવાયના તમામ વાહનો ઉપરથી લાલ લાઈટ દૂર કરી નાખવામાં આવી છે પરંતુ સમાજમાં અસામાજીક પ્રવૃત્તિઓ કરતાં તત્વોને ગુનો કરવા જતાં અટકાવવા પોલીસનું આગમન થતુ હોવાની જાણ જરૂરી બની છે ત્યારે પોલીસના વાહનો ઉપર પોલીસ લખેલુ મોટુ બોર્ડ લાઈટ અથવા રીફલેકટરવાળુ લગાવવા લોકોમાં માંગ ઉઠી છે. નામદાર સર્વોચ્ચ અદાલતના આદેશનું ઉલ્લંઘન ન થાય અને સમાજને પોલીસનો આ રીતે સહકાર સાંપડે તેવું આયોજન હાથ ધરાય તે સંજોગોઆધિન ઈચ્છનીય બન્યું છે.


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

દેશની સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ રાજયભરના પોલીસ વાહનો ઉપરથી લાલ લાઈટ દૂર કરી નાખવામાં આવી છે. જો કે નામદાર અદાલતના આદેશનો પૂર્ણ રીતે અમલ થયો છે તે મુજબ કેટલાક રાજકીય હોદ્દેદારો કે અન્ય પદાધિકારીઓને લાઈટથી વિશેષ ફર્ક પડ્યો નથી. પરંતુ સમાજના રક્ષક અને કાયદાનું ચુસ્ત પણે પાલન કરતા અને કરાવતા પોલીસતંત્રથી સમાજ સુરક્ષિત રહી શકે છે. તેમના વાહનો આવતાં જણાતાં જ ગુનેગારો ગુનો કરતા અટકી જઈ નાસી છુટતા હતા અથવા ઝડપાઈ જતા હતા. જેથી પોલીસની જાણ આવા ગુન્હાહીત કૃત્ય કરતાં ગુનેગારોને થતી નથી અને ગુનાને પોલીસ આવે ત્યાં સુધી અંજામ સુધી પહોંચાડી દેતા હોય છે. માટે સમાજના આગેવાનો તથા બુદ્ધીજીવી વર્ગે માંગ કરી છે કે સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન પણ થાય અને પોલીસની હાજરીની જાણકારી રહે તે માટે પોલીસ વાહન ઉપર મોટા અક્ષરે પોલીસ લખેલું બોર્ડ લગાવવું જોઈએ તેમજ આ બોર્ડમાં લાઈટ લગાવવી જોઈએ જેથી પોલીસ લખેલું દૂરથી પણ દેખાઈ શકે અને આમ થવાથી સભ્ય સમાજમાં પોલીસની સ્થીત હાજરીનો અહેસાસ રહેશે અને ગુનેગારોમાં પોલીસનો ભય રહેશે.

ગુનાખોરીને ડામવા તથા અસામાજીક પ્રવૃત્તિઓને અટકાવવા પોલીસની ધાક આવશ્યક હોવાનું લોકો જણાવી રહ્યા છે. મહિલાઓ, વૃદ્ધો અને બાળકો અજાણે લુંટ, અત્યાચાર અને અપહરણના શિકાર બનતા હોવાથી ઘટનાઓ પ્રકાશમાં આવી છે ત્યારે આવા ગુના બનતા અટકાવવા ફક્ત પોલીસ આવતી કે પસાર થતી જોવા મળે તો પણ બચાવ થઈ શકે છે. જેથી આ અંગે ઉંડાણપૂર્વક અભ્યાસ કરી અદાલતના આદેશના પાલન સાથે યોગ્ય માર્ગ અપનાવવા લોકોની માંગ છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

આદ્યશક્તિની આરાધના - આજથી નવરાત્રિનો આરંભ થઈ રહ્યો છે. સૌ કોઈના હૃદયમાં માતાજીની યથાશક્તિ આરાધના-ઉપાસના કરવાનો ઉમંગ હોય છે. ગાંધીનગરમાં ઠેર ઠેર નવરાત્રિની ઉજવણી માટે આયોજનો થઈ રહ્યા છે. સેકટરમાં ફરતી રિક્ષા સ્ટેન્ડવાળાઓ પણ આ મહોત્સની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે.

# રાજકોટ પશ્ચિમ બેઠક માટે કોંગ્રેસ આજે ઉમેદવારનું નામ જાહેર કરશે

ગાંધીનગર, તા. ૨૪

રાજકોટ પશ્ચિમ બેઠક માટે કોંગ્રેસ આવતીકાલે ઉમેદવારનું નામ જાહેર કરનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ પશ્ચિમ બેઠકની યોજાનારી પેટા ચૂંટણી માટે ઉમેદવારની પસંદગી માટે પ્રદેશ નેતાઓ દ્વારા ત્રણ નામો પર ચર્ચા કરીને એક પેનલ યાદી તૈયાર કરીને મોવડીમંડળને મોકલી આપી છે.

કોંગ્રેસ મોવડીમંડળ દ્વારા સંભવીત ઉમેદવારોના નામો પર ચર્ચા કરીને આખરી ઉમેદવારની પસંદગી કરીને આવતીકાલે બપોર સુધીમાં ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ પશ્ચિમ બેઠક પર લપટેલ સમાજનું પ્રભુત્વ હોઈ કોંગ્રેસ આ બેઠક પર માજી ધારાસભ્ય જેતીભાઈ કાલરીયાને કોંગ્રેસના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ભાજપે આ બેઠક પરથી માજી સાંસદ વિજયભાઈ રૂપાણીને ઉમેદવાર તરીકે ચૂંટમી મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે જાહેર કરેલ સત્તાવાર ઉમેદવાર સામે સ્થાનિક ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં વિરોધ ઉઠવા પામ્યો છે.

કોંગ્રેસ આ તકનો લાભ લઈને આ બેઠક પરનો પેટા ચૂંટણી જંગ જીતવા માટે પટેલ સમાજને પ્રતિનિધિત્વ આપે તેવી પુરી શકયતાઓ સેવાઈ રહી છે.

# સોશીયલ સેકટર માટે કોન્સોલીડેટેડ ડોકયુમેન્ટ તૈયાર કરવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

રાજયમાં સોસીયલ સેકટર માટે કોન્સોલીડેટેડ ડોકયુમેન્ટ તૈયાર કરવા માટેની કામગીરી આરંભવામાં આવી છે અને ચાર માસમાં આકામગીરી પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં સામાજીક ક્ષેત્રના વિકાસ માટે રાજય સરકાર દ્વારા એક કોન્સોલીડેટેડ ડોકયુમેન્ટ તૈયાર કરવાનો નિર્ણય લીધો હતો. આ કામગીરી માટે રાજય સરકારે અરર્નેસ્ટ એન યંગ એલ.એલ.પીને કામ સોંપવામાં આવ્યું છે.

આ ડોકયુમેન્ટમાં રાજય સરકારના ૧૪ જેટલા વિભાગોને સ્પર્શતી બાબતોનો સમાવેશ કરવામાં આવનાર છે. આ કામગીરી માટે જે એજન્સી રોકવામાં આવી છે તે એજન્સી સચિવાલય તથા તાબાની કચેરીઓની મુલાકાત લેનાર હોઈ આ કચેરીઓને એજન્સીને સહકાર આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ ડોકયુમેન્ટ તૈયાર કરવા અંગે સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષપણા હેઠળ સ્ટિયરીંગ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી એજન્સી દ્વારા કેટલું કામ કરવામાં આવ્યું કામ યોગ્ય રીતે થાય છે કે કેમ તે અંગે મોનીટરીંગ કરીને યોગ્ય માર્ગદર્શન આપનાર હોવાનું જાણવા મળે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com